BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )
Azadi Ka Amrit Mahotsav

પરીપત્ર

વિષય : એલએલ.બી./બી.એડ./એમ.એડ. સેમ.-૧ ની પરીક્ષાના પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન LL.B. તેમજ એજ્યુકેશન વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રી/પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓને જણાવવામાં આવે છે કે, આગામી સમયમાં યોજનાર એલએલ.બી./બી.એડ./એમ.એડ. સેમ.-૧ ની પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રીની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં કોલેજ દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે.

| કોર્ષનું નામ | રેગ્યુલર ફી | લેઇટ ફી [રેગ્યુલર ફી + ૫૦૦] | દંડાત્મક ફી [રેગ્યુલર ફી + ૫૦૦ + ૧૫૦૦] |
|---|---|---|---|
| એલએલ.બી./બી.એડ./એમ.એડ. સેમ.-૧ | તા. ૨૧/૦૧/૨૦૨૨ થી તા. ૩૧/૦૧/૨૦૨૨ | તા. ૦૧/૦૨/૨૦૨૨ થી તા. ૦૨/૦૨/૨૦૨૨ | તા. ૦૩/૦૨/૨૦૨૨ |

છેલ્લી તારીખ બાદ કરવામાં આવેલ સુધારો સોફટવેર સ્વીકારશે નહી. દંડાત્મક ફી ની તારીખ બાદ પણ જો કોઇ વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ઓનલાઇન ભરવાનું બાકી રહેલ હોય તો તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી ખાતેથી યુનિવર્સિટીના નિયમોનુસાર ફી ભરી ફોર્મ ભરવાનું રહેશે.

દંડાત્મક ફી સાથેની છેલ્લી તારીખ બાદ ચાલુ કામકાજના દિવસ ૧(એક)માં ફરજીયાત પણે ચેકલિસ્ટ તેમજ ફી મેમો પરીક્ષા વિભાગમાં જમા કરાવવાનો રહેશે, જો કોલેજ દ્વારા નિયત સમયમર્યાદા બાદ પરીક્ષા ફોર્મ જમા કરવામાં આવશે તો તેવી કોલેજના બેઠક નંબર જનરેટ થશે નહી જેથી તેની સંપુર્ણ જવાબદારી જે-તે કોલેજની રહેશે. જેની ગંભીરતાથી નોંધ લેવી તથા પરીક્ષા ફોર્મ ફી **"રજીસ્ટ્રાર, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જનાગઢ"** ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ભરવાની રહેશે.

ખાસ નોંધ :

૧. દરેક વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મમાં જે વિષય દર્શાવેલ હોય તે જ વિષયની કોલેજ દ્વારા સોફટવેરમાં એન્ટ્રી કરવી.
૨. કોલેજ દ્વારા પરીક્ષા ફોર્મની એન્ટ્રી થયા બાદ ફરજીયાત વેરીફાય કરી લેવાનું રહેશે.[વેરીફાય કરેલ ફોર્મનું જ ચેકલીસ્ટ જનરેટ થશે.]
૩. રીપીટર વિદ્યાર્થીનાં વિષયમાં ફેરફાર કરી આપવામાં આવશે નહી જે કોલેજ તેમજ વિદ્યાર્થીઓએ ધ્યાને લેવું.
૪. પરીક્ષાના આવેદનપત્ર કોલેજે પોતાની પાસે રેકોર્ડ માં સાચવીને રાખવાં જરૂર પડયે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે તો રજુ કરવાનાં રહેશે.
૫. COVID-19 અંગે સરકારશ્રી દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કર્મચારીઓએ માસ્ક પહેરી (ફેસ કવર) તેમજ સામાજીક અંતર જાળવી ઉપરોક્ત કામગીરી કરવાની રહેશે.
૬. એલએલ.બી. વિદ્યાશાખામાં અભ્યાસ કરતા તેમજ બેચલર ડીગ્રીમાં ફરજીયાત અંગ્રેજી વિષય ના હોય તેવા વિદ્યાર્થીઓએ પરીક્ષા ફોર્મની સાથે અંગ્રેજી ટેસ્ટના પણ ફોર્મ અલગથી ભરવાના રહેશે તેમજ જે વિદ્યાર્થી અગાઉ અંગ્રેજી ટેસ્ટ આપેલ છે જેમાં નાપાસ થયેલ છે તેવા વિદ્યાર્થીઓએ પણ અંગ્રેજી ટેસ્ટના ફોર્મ અલગથી ભરવાના રહેશે. કોલેજ દ્વારા અંગ્રેજી ટેસ્ટના ફોર્મ અલગથી પરીક્ષા વિભાગમાં જમા કરવાના રહેશે. અંગ્રેજી ટેસ્ટ માટેની પરીક્ષા ફોર્મ ફી પ્રતિ વિદ્યાર્થી દીઠ રૂ. ૨૨૦/- રહેશે.
૭. ઉપરોક્ત વિધાશાખાઓ માટેની રેગ્યુલર ફી અત્રેની યુનિવર્સિટીના પરીપત્ર ક્રમાંક-બીકેએનએમયુ/પરીક્ષા/૧૬૮૪/૨૦૨૧, તા.૨૪/૦૯/૨૦૨૧ મુજબ રહેશે.

ડૉ. ડી. એચ. સુખડીયા
પરીક્ષા નિયામક

ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/૮૧/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૧૯/૦૧/૨૦૨૨

પ્રતિ, યુનિવર્સિટી સંલગ્ન LL.B. તેમજ એજ્યુકેશન વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રી/પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓ તરફ....

નકલ સવિનય રવાના:-

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા તેમજ યોગ્ય કાર્યવાહી અર્થે )
(૩) હિસાબી શાખા.